**<u>ક્લેઈમ કેસ નં. ૬૫/૨૦૨૬ ના કામે આંક–૧ નીચે હુકમ :–</u>**

આ કામના તમામ પક્ષકારો તથા તેમના વિકીલશ્રીઓ હાજર છે. આ ક્લેઈમ કેસ અરજદાર તરફે તેઓને અકસ્માતમાં થયેલ ઈજાના વળતર અંગે દાખલ કરેલ છે અને તેઓ આ કામે સમાધાન પુરસીશ આંક–૯ થી રજુ કરે છે. પક્ષકારો તથા તેમના વિ. વકીલશ્રીઓને આ સમાધાન વાંચી સંભળાવી, સમજાવવામાં આવેલ છે, તેઓશ્રી આ સમાધાન અને સમાધાન પુરશીશ નીચેની તેમની સહીઓ કબુલ રાખે છે, જેથી આ સમાધાન નોંધવામાં આવે છે.

આ કામના સામાવાળાએ સમાધાન મુજબની રકમ ચુકવવાની જવાબદારી સ્વીકારેલ હોય, આથી તેઓને હુકમ કરવામાં આવે છે કે, સમાધાનમાં નકકી થયા મુજબની વળતરની કુલ રકમ રૂા. ૨,૫૦,૦૦૦/– સામાવાળાએ આ હુકમની તારીખથી દિવસ–૩૦ માં નામદાર ટ્રીબ્યુનલમાં જમા કરાવવાની રહેશે અને આ હુકમ મુજબની રકમ સામાવાળા તરફથી જયારે ટ્રીબ્યુનલમાં જમા થયેથી કુલ રકમ અરજદારને તેમની ધોરણસરની ઓળખાણ લઈ જરુરી દસ્તાવેજી પુરાવા રજુ કર્યેથી આર.ટી.જી.એસ. થી ચુકવવી તેવો હુકમ કરવામાં આવે છે.

સદરહુ એફ.ડી.ની રકમ ઉપર અરજદાર લોન, એડવાન્સ કે કોઈપણ પ્રકારનો બોજો મેળવવા હકકદાર બનશે નહીં, માત્ર બેંકના નિયમ મુજબ વ્યાજની રકમ મેળવવા હકકદાર રહેશે.

આ ક્લેઈમ અંગે અરજદારને કોઈ વચગાળાની રકમ ચુકવવામાં આવેલ હોય તો તે સદરહુ રકમમાંથી મજરે આપવાની રહેશે અને આ કામે કોઈ વચગાળાની અરજી પેન્ડીંગ હોય તો આ હુકમથી તે કેંસલ ગણવા હુકમ કરવામાં આવે છે.

આ કામે જનરલ લોક અદાલતમાં સમાધાન થયેલ હોય, કોર્ટ ફી પેટે કોઈ રકમ વસુલ લેવી નહીં.

સમાધાન મુજબ એવોર્ડ દોરવો.

આજ તારીખ ૧૧ મી, માહે–જુલાઈ, સને–૨૦૨૬ ના રોજ નેશનલ લોક અદાલતમાં આ હુકમ વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૧–૦૭–૨૦૨૬.
જૂનાગઢ.

**(હિતેશ ગીરીશભાઈ દામોદરા)**
મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ (ઓકઝી.)
જૂનાગઢ.
**જજ કોડ–** GJ01005